# મેઘ પધરામણીથી ખેડૂતો ગેલમાં પણ વાવણીલાયક વરસાદની વાટ

## વાતાવરણમાં ઠંડક પ્રસરી, ઝરમર વરસાદમાં બાળકો ભીંજાયા

કોરોનાકાળ ઉપરાંત બિયારણ અને ખાતરમાં મોઘવારીને કારણે જગતનાતાતને બેવડો માર સહન કરવાનો વારો આવ્યો છે આવી સ્થિતિમાં ખેડૂતો સારા વરસાદની રાહ જોઈને આકાસ તરફ મીટ માંડીને બેઠા હતા ત્યારે સમયસર મેઘરાજાની પધરાણી થતા ખેડૂતોમાં ખૂશીની હેલી જોવા મળી છે. બે દિવસ અગાઉ રાત્રીએ ભારે પવન સાથે વરસાદ આવ્યા બાદ શનિવારે બપોરે એકાએક વાદળછાયું વાતાવરણ થઈ ગયા બાદ ઝરમર ઝરમર વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલથી ખેડૂતોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે પરંતુ હજુ સુધી વાવણીલાયક વરસાદ પડયો ન કહેવાય જેના કારણે હજુ પણ ખેડૂતો વધુ વરસાદની વાટ જોઈ રહ્યા છે.

ચોમાસુ શરૂ થાય તે પહેલા તૈક્તે વાવાઝોડા અંતર્ગત એક મહિના અગાઉ પવનના સુસવાટા સાથે વરસાદ ખાબક્યો હતો તે વખતે રવિ સિઝનના જુવાર અને બાજરી સહિત શાકભાજીનો પાક



ઉભો હતો તેને નુકશાન થયું હતું પરંતુ તે વખતે વધુ વરસાદ પડવાની સાથે વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે જમીનમાં ભેજ ઉતર્યો હતો. આ ભેજનો લાભ લઈને ખેડૂતોએ આ વખતે પ્રિ મોનસુન વાવેતર શરૂ કરી દીધું હતું.

અરવલ્લી જિલ્લામાં ચોમાસાનો પ્રથમ વરસાદ બે દિવસ પહેલા પડયો હતો ત્યાર બાદ બે દિવસના ભારે ઉકળાટ બાદ શનિવારે મેઘરાજાનું આગમન થતા સમગ્ર જીવસૃષ્ટિની સાથે ખેડૂતોમાં પણ ખુશીની લહેર ફેલાઈ છે.

અરવલ્લી જીલ્લામાં ત્રણ દિવસમાં બીજીવાર વરસાદ વરસતા જેને લઈને ચોમાસુ શરૂ થઈ ગયું હોય તેમ લાગી રહ્યું છે અને ખેડૂતો પણ ગેલમાં આવી ગયા છે પરંતુ ખરીફ સિઝનમાં લેવાતાં પાક માટે હજુ સુધી વાવણીલાયક વરસાદ પડયો નથી તેમ નિષ્ણાંતો જણાવી રહ્યાં છે. અરવલ્લી જિલ્લામાં ખરીફ સીઝન દરમિયાન લાખ્ખો હેક્ટરમાં કપાસ સહિત વિવિધ વાવેતર કરવામાં આવે છે પરંતુ હાલની સ્થિતિએ પુરતા પ્રમાણમાં વરસાદ નહીં પડવાના કારણે વાવણી કરાઈ નથી. હજુ વધુ પાંચ ઈંચ જેટલો વરસાદ પડે અને વાતાવરણમાં ભેજ જળવાઈ રહે ત્યારે ખેડૂતો વાવણી કરતાં હોય છે.ઉલ્લેખનીય છે કે, જમીનમાં ભેજ ૧૫ સેન્ટીમીટર જેટલો નીચે સુધી હોય ત્યારે વાવણી કરવામાં આવે તો જે તે બિયારણમાંથી કુંપણ ફુટે અને તેના મુળ જમીનના ભેજમાંથી પોષણ મેળવી શકે.

# ધનસુરાના પાટ્યોમાં બાળકીના મોતનું રહસ્ય અકબંધ, કોઈએ કૂવામાં ફેંકી દીધાની મજબૂત આશંકા

## પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં વધુ પડતું પાણી પીવાથી મોત નિપજ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

ધનસુરા તાલુકાના પાટ્યો ગામની ૪ વર્ષની બાળકી ગુમ થયા પછી બીજા દિવસ પરોઢે દૂર આવેલા કૂવામાંથી મૃતદેહ મળતાં સનસનાટી મચી ગઈ હતી. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં બાળકી વધુ પડતું પાણી પી જવાથી મોત નિપજ્યાનું બહાર આવ્યું છે પરંતુ ૪ વર્ષની બાળકી એકલી ૩ કી.મી. દૂર આવેલા કૂવા ઉપર જાય અને કૂવામાં ખાબકે તે થીયરી તપાસ અધિકારીઓના ગળે ઉતરતી નથી. કોઈએ કૂવામાં ફેંકી દીધાની મજબૂત આશંકા છે. પોલીસે આ દીશામાં અનેક શકમંદોના નિવેદન નોંધ્યા છે.



હજુ તો પૂરી સમજણ આવી ન હતી તેવી માસૂમ બાળકીનો કૂવામાંથી મૃતદેહ મળે એટલે તરેહ તરેહની અટકળો જન્મ લેતી હોય છે. કોઈએ અધમ કૃત્ય આચરી કૂવામાં ફેંકી દીધાની આશંકા વચ્ચે પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં આવું કશું જ થયું ન હોવાનું જણાવ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે ૪ વર્ષની બાળકીને કોની સાથે દુશ્મની હોય..?? કે તેને કૂવામાં નાખી દેવામાં આવે. બાળકી સ્વયંમ આત્મહત્યા કરી લે..?? તેવું પણ ન બની શકે. બાળકીના મોત પ્રકરણમાં સ્થાનિક પોલીસ ઉપરાંત એલ.સી.બી. સહિતના અધિકારીઓ જોડાયા છે.

બનાવના ૪૮ કલાક પછી પણ બાળકીના મોત અંગે સાચી વિગતો સામે આવી નથી. પરંતુ જે રીતે ૪ વર્ષની બાળકી દૂર આવેલા કૂવા સુધી પહોંચે અને તેમાં ખાબકે તે વાત ક્યારેય સંભવ નથી. આ સંજોગોમાં કોઈ નિકટના વ્યક્તિ સાથે જ બાળકી કૂવા સુધી પહોંચી હોય અને કોઈપણ કારણોસર તેને કૂવામાં ફેંકી મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ થયાની થીયરી ઉપર પોલીસે તપાસ આરંભી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# આજે પરીક્ષેત્ર વન અધિકારીની પરીક્ષા : સાબરકાંઠામાં ૫૫૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે

## હિંમતનગરના ૨૪ કેન્દ્રો ઉપર પરીક્ષાનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

આજે રવિવારે પરીક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરકાંઠામાં હિંમતનગર ખાતેના ૨૪ પરીક્ષા કેન્દ્રોના ૨૩૩ બ્લોકમાં ૫૫૮૨ ઉમેદવારો પરીક્ષા આપશે. બે સેશનમાં પરીક્ષાનું આયોજન થયું છે. સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ અને ત્યારબાદ ૩-૦૦ થી ૬-૦૦ દરમ્યાન પરીક્ષા યોજાશે.

કોરોનાનું સંક્રમણ ઘટતાં હવે મુલત્વી રહેલી પરીક્ષાઓના આયોજનો થઈ રહ્યા છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનરના માર્ગદર્શન હેઠળ તા.૨૦ જૂનના રોજ પરીક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લામાં કોઈપણ સ્થળે પરીક્ષા યોજાવવાની નથી જેથી અરવલ્લી જિલ્લાના ઉમેદવારો પણ સાબરકાંઠાના હિંમતનગરના પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપશે. શિક્ષણ વિભાગની નિગરાની હેઠળ યોજનારી આ પરીક્ષામાં ખાસ કરીને હિંમતનગરના જ શૈક્ષણિક સંકુલોમાં પરીક્ષાનું આયોજન થયું છે. જી.પી.એસ.સી.ના માર્ગદર્શન હેઠળ યોજાનારી પરીક્ષા યોગ્ય રીતે લેવાય તે માટે દરેક કેન્દ્રો ઉપર સંચાલક, ઝોનલ અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે તેમજ તે પૂર્વે આયોગના પ્રતિનિધિ અને તકેદારી અધિકારીની બેઠક યોજાઈ હતી જેમાં પરીક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

# બીજી લહેરની વિદાય, સાબરકાંઠા-અરવલ્લીમાં ૨૪ કલાકમાં માત્ર ૯૫ કોરોના સંક્રમિત કેસ

## ૫.૮૨ લાખ લોકોના કોવિડ ટેસ્ટ કરાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

કોરોનાની ત્રીજી લહેર ઑગષ્ટ-સપ્ટેમ્બરમાં આવે તેવી સંભાવના વચ્ચે સાબરકાંઠા, અરવલ્લીમાં બીજી લહેરની લગભગ વિદાયનું ચિત્ર સામે આવ્યું છે. પાછલા ૨૪ કલાકમાં માત્ર ૯૫ કોરોના સંક્રમિત કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગના દાવા મુજબ અત્યાર સુધીમાં જિલ્લાના ૫,૮૨,૬૦૩ લોકોના કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. સરકારી કોવિડ હોસ્પિટલ તેમજ ખાનગી કોવિડ હોસ્પિટલમાં દર્દીઓ વગર બેડ ખાલી થયા છે. આરોગ્ય સ્ટાફને પણ ૪ મહિના પછી ઘણી રાહત થઈ છે.

કોરોનાએ બીજી લહેરમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજા અને હોસ્પિટલોના ડૉક્ટરોને હચમચાવી નાખ્યા. કોરોનાએ લાપરવાહ તેમજ જાગ્રત લોકોને ભરખી જવાની સાથે ડૉક્ટર અને પેરામેડીકલ સ્ટાફને પણ ભરખી ગયો છે. માર્ચ મહિના પછી શરૂ થયેલી કોરોનાની બીજી લહેરમાં સૌથી વધુ યુવાઓનો કાળમૂખા કોરોનાએ ભોગ લેતાં અનેક ગામડાઓમાં હજુ પણ શોક છવાયેલો છે. ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી બજારો અને ધંધા-રોજગાર અનલૉક થયા છે. સરકારનો એક યોગ્ય નિર્ણય હોવાના કારણે પ્રજા પણ કોરોનાના હાઉમાંથી બહાર આવી સાબરકાંઠા, અરવલ્લી અને તેના ૧૪ તાલુકાઓમાં કોરોનાનું સંક્રમણ હવે ધીમું પડ્યું છે. કોરોના વેક્સિન માટે પ્રજામાં ઉત્સુકતા દેખાઈ રહી છે. પ્રજા પણ કોરોના સામે રક્ષિતના તમામ ઉપાય શોધ્યા પછી લાગે છે કે હવે કોરોનાની બીજી લહેરની વિદાય શરૂ થઈ ગઈ છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન અરવલ્લીમાં ૫૩ અને સાબરકાંઠામાં ૪૨ સંક્રમિત કેસ નોંધાયા. સાબરકાંઠામાં અત્યાર સુધીમાં ૩.૩૮ લાખ અને અરવલ્લીમાં ૨.૪૪ લાખ લોકોના કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

# બાયડ પાલિકા વિસ્તારના અરજણવાવને વારંવારના અંધારપટમાંથી મુક્તિ અપાવો

## વરસાદના બે છાંટા અને પવન ફૂંકાય એટલે વીજળી ડૂલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ પાલિકા વિસ્તારના અરજણવાવના ગ્રામજનોને વારંવારના અંધારપટમાંથી મુક્તિ અપાવવા માટે અવાજ ઉઠ્યો છે. વરસાદના બે છાંટા અને પવન ફુંકાય એટલે રાત્રે વીજળી ડૂલ થઈ જાય છે અને કલાકો સુધી વીજળી ન આવતાં પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા ગામની પ્રજા ત્રાહીમામ થઈ જાય છે. જેથી અરજણવાવ ગામને પણ અલગ ડી.પી. સાથે બાયડ ફીડરની જેમ રાબેતા મુજબ વિજ પ્રવાહ મળે તેવી પાલિકાના કોર્પોરેટર મીનાબેન મનહરભાઈ પટેલે રજૂઆત કરી છે.

જ્યોતિગ્રામ યોજના હેઠળ રાજ્યના ઉર્જા વિભાગે તમામ ગામોને સમાવી લીધા છે. વાવાઝોડા તેમજ વરસાદ વખતે વિજ વિભાગના કર્મચારીઓની દર્શનિય કામગીરીની સૌએ નોંધ લીધી હતી પરંતુ અગાઉના અધિકારીઓએ અરજણવાવ, ચોઈલા સહિતના ફીડરોમાં બાયડ પાલિકાના અનેક વિસ્તારોને વિજ લોડ સરખો કરવા માટે સમાવતાં તેની દુરોગામી અસરો જોવા મળી છે. ગ્રામ્ય વિસ્તારની ફીડરમાં કોઈ ફોલ્ટ થાય એટલે બાયડ ટાઉનમાં આવેલા અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ થઈ જતાં અંધારપટ છવાતો હતો અને આ અંગે રજૂઆત પછી કેટલાક વિસ્તારોને બાયડમાં સમાવવાની કામગીરી શરૂ થઈ છે. જ્યારે બાયડ પાલિકામાં અરજણવાવ વિસ્તારનો સમાવેશ થયેલો છે પરંતુ તે ગામમાં અરજણવાવ ફીડરમાંથી વિજ પુરવઠો આપવામાં આવે છે અને વારંવાર વીજળીના રીસામણાંના કારણે પ્રજાનાં કામ ખોરંભે પડ્યાં છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર અરજણવાવ ગામના પ્રજાજનોને વિજ તંત્ર દ્વારા શહેરી વિસ્તારનો ચાર્જ લાગુ કરવામાં આવ્યો છે અને ગ્રામ્ય પુરવઠો આપવામાં આવે છે જે અન્યાય કરતા છે જેથી અરજણવાવને વારંવારના અંધારપટમાંથી મુક્ત કરી બાયડ ફીડર સાથે જોડાણ આપવા સ્થાનિક પ્રતિનિધિએ માગણી કરી છે.

## સરડોઈ ગામનું ગૌરવ

મોડાસા તાલુકાના સરડોઈના એડવોકેટ જીવણ સાગરભાઈ દેસાઈની ગુજરાત સરકારના કાયદા વિભાગ દ્વારા મદદનીશ



સરકારી વકીલ તરીકે નિયુક્તિ કરાતાં આનંદ છવાયો છે. મોડાસા જ્યુડીશીયલ કોર્ટમાં પ્રેકટીસ કરતા એડવોકેટની જિલ્લા સરકારી વકીલ તરીકે નિયુક્તિ થતાં બાર એસોસીએશનના પ્રમુખ કમલેશભાઈ ત્રિવેદી, બાર એસોસીએશનના સભ્યો, સરડોઈ દૂધ મંડળીના ચેરમેન રૂગ્નાથભાઈ રબારી, ચિરાગગીરી ગોસ્વામી, યશપાલસિંહ પુંવાર વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

# મોડાસા નગરપાલીકાની ગટરની કુંડીના ૧૨ સ્થળેથી ઢાંકણ તફડાવતાં ચોરો

## નગરપલિકા ચોર ટોળકીથી ત્રાસી ટાઉન પોલીસના શરણે

મોડાસા શહેરમાં ફરી ગટરના ઢાંકણા ચોરવાનું પ્રમાણ વધી ગયું છે રાત્રિ થતાની સાથે ગટરના ઢાંકણ ચોરનાર ચોર ભારે વજન ધરાવતાં ઢાંકણા ઉચકીને બિન્દાસ્ત ફરાર થઈ જાય છે મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં ગટર પરની જાળીઓ ચોરાવાની સતત ઘટનાથી નગરપાલિકા તંત્ર તોબા પોકારી ઉઠ્યું છે ટૂંકા સમયગાળામાં ૧૨ થી વધુ સ્થળેથી લોખંડની જાળીઓ ચોરાઈ હોવાનું બહાર આવતા તંત્ર ચોકી ઉઠ્યું છે મોડાસા શહેરમાં નશેડીઓ અને અસામાજીક તત્ત્વો ગટરના ઢાંકણ તફડાવી તેમની તલબ છુપાવતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે નગરપાલિકા તંત્ર ગટર ચેમ્બર પર સત્વરે નવી જાળી નાખે તેવી લોક માંગ પ્રબળ બની છે.

મોડાસા શહેરમાં ભૂગર્ભ ગટર અને સ્ટોર્મ વોટર પાણીના નીકાલ માટે ગટરનું નિર્માણ



કરવામાં આવ્યું છે હજુ અનેક વિસ્તારોમાં ગટર યોજના અંતર્ગત કામકાજ ચાલી રહ્યું છે ગટર ચેમ્બર પર લોખંડની મજબૂત વજનદાર ઢાંકણ (જાળી) લગાવવામાં આવી છે ચેમ્બર પર લગાવેલ ઢાંકણ છાસવારે ચોરાઈ જવાની ઘટના બને છે ગટર ચેમ્બર ખુલ્લી રહેતા રાહદારીઓ અને વાહનચાલકો અફડાઈને પડે તેવી ઘટનાઓ બનાવની એંધાણ વર્તાઈ રહ્યા છે અનેકવાર રાહદારીઓ અને વાહનચાલકો ગટરમાં ખાબક્યા હોવાની ઘટનાઓ પણ નોંધઈ ચુકી છે ત્યારે મોડાસા શહેરની વિવિધ સોસાયટીઓ અને વિસ્તારોમાં ગટરની ચેમ્બર પરની ૧૨ થી વધુ જાળીઓ ચોરાઈ જતા નગરપાલિકા તંત્રએ ચોરોને ઝડપી પાડવા ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપી કાર્યવાહી કરવા માંગ કરી હતી.

છાશવારે આવી ઘટના બનતી હોવાથી ગટર ચેમ્બર ખુલ્લી પડી રહેતી હોય છે ત્યારે ખુલ્લી ચેમ્બરમાં બાળક કે વાહનચાલક અજાણતામાં કુંડીમાં ખાબકે તેવા સંજોગો પેદા થયાં છે.

# આતૂરતાનો અંત : ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જુલાઈના બીજા, સામાન્ય પ્રવાહનું ત્રીજા સપ્તાહમાં પરિણામ

## બોર્ડ પરિણામ તૈયાર કરવા માટે ભલામણો સરકારને સોંપ્યા પછી ગુણાંકન નીતિ જાહેર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

કોરોનાના કારણે ધો.૧૦-૧૨ના રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દીધું છે. ધો.૧૦ના વિદ્યાર્થીઓના શાળાઓએ માર્કસ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કર્યા છે જેથી તા.૨૪ જૂનના રોજ લગભગ ધો.૧૦ બોર્ડનું પરિણામ જાહેર થઈ શકે છે. જ્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહના પરિણામ માટે ગુણાંકન નીતિ અને માપદંડો નક્કી કરી શિક્ષણવિદોની સમિતિએ સરકારને સોંપ્યા પછી ધો.૧૨ બોર્ડ પરિણામ તૈયાર કરવાની ગુણાંકન નીતિ જાહેર થઈ છે તે જોતાં રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના છાત્રોને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જુલાઈના બીજા અને સામાન્ય પ્રવાહનું પરિણામ જુલાઈના ત્રીજા સપ્તાહમાં ઓનલાઈન જાહેર થઈ જાય તેવી વકી છે.

બોર્ડ પરીક્ષા છતાં પરિણામનો ઉત્સાહ ન વિદ્યાર્થીઓને કે વાલીઓને હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. મોટાભાગના વાલીઓએ ઓ.એમ.આર. આધારીત પરીક્ષા યોજીને પરિણામ જાહેર કરવું જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો જેનાથી વિદ્યાર્થીઓને સંતોષ થયો હોય પરંતુ તેવું થયું નથી. ઉત્તર ગુજરાતમાં ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓના બોર્ડ પરિણામની રાહ જોવાઈ રહી છે. આગામી સપ્તાહે ધો.૧૦ નું પરિણામ ઓનલાઈન જાહેર થશે. જેથી છેલ્લા સપ્તાહમાં માર્કશીટ મળી જાય તો ધો.૧૧ ની પ્રવેશ પ્રક્રીયા શરૂ થઈ શકે. જ્યારે ધો.૧૨ બોર્ડ પરીક્ષા માટે ગુણાંકન નીતિ અને માપદંડ જાહેર થયા છે. જેમાં ધો.૧૦ ના બોર્ડના વિષયવાર પરિણામના આધારે મૂલ્યાંકન, ધો.૧૧ ના નિયમિત અભ્યાસક્રમ દરમ્યાન યોજાયેલ ધો.૧૧ ની પ્રથમ સામયિક કસોટી અને બીજી સામયિક કસોટીમાંથી મેળવેલ ગુણના સરેરાશ ગુણના આધારે ૨૫ ગુણનું મૂલ્યાંકન તેમજ ધો.૧૨ ની પ્રથમ સામયિક કસોટી અને વર્ષ દરમ્યાન યોજાયેલ વિષય એકમ કસોટીમાંથી કુલ-૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે ૨૫ ગુણનું મૂલ્યાંકન કરવાનો નિર્ણય થયો છે. ધો.૧૨ ના નિયમિત વિદ્યાર્થીઓને દર વર્ષની જેમ ગુણપત્રક અને પ્રમાણપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવશે. દરેક શાળાઓ દ્વારા આખરીકરણ તા.૧૯ જૂન થી ૨૫ જૂન દરમ્યાન કરવામાં આવશે. જ્યારે શાળા દ્વારા તૈયાર કરાયેલા પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની કામગીરી ૨૫ જૂનથી ૨૧ જુલાઈ સુધી થશે. પરિણામ ઓનલાઈન જાહેર થયા પછી જુલાઈના અંતિમ સપ્તાહમાં ગુણપત્રક અનો પ્રમાણપત્ર વિદ્યાર્થીઓને મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# ૨૧ જૂન : ઉત્તર ગુજરાતની પ્રજા સોમવારે લાંબા દિવસનો અનુભવ કરશે

## ઊંઘણસી માટે અચ્છે દિન : હવે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

આવતી કાલ સોમવાર, તા.૨૧ જૂન, ઉત્તર ગુજરાતની પ્રજા લાંબા દિવસનો અનુભવ કરશે. ધીરે ધીરે હવે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી થશે જેથી ઊંઘણસી માટે અચ્છે દિનની શરૂઆત થઈ રહી છે. જ્યારે દિવસ દરમ્યાન સતત કામમાં રચ્યા પચ્યા રહેતા વ્યસ્ત લોકો માટે સમય ઓછો પડી શકે છે.

સૂર્ય ઉત્તર તરફ ખસતો થાય ત્યારે ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થાય છે. સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં ૨ વખત એક બીજાને છેદે છે જેને બિંદુ સંપાત દિવસ તરીકે ઓળખાય છે. તા.૨૧ મી એ દિવસ અને રાત સરખા હોવાનો પ્રજાને અનુભવ થશે. સૂર્ય ઉત્તર તરફ ખસતો જશે જેથી ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય અને રાત ટૂંકી થતી જાય છે જેના કારણે સોમવારનો દિવસ લાંબો એટલે કે ૧૩ કલાક ૨૨ મીનીટ અને રાત્રિ ૧૦ કલાક ૩૮ મીનીટની રહેશે. તા.૨૨ જૂનથી દિવસ સેકન્ડના તફાવત પ્રમાણે ટૂંકો થતો જશે અને રાત્રિ લાંબી થશે. ટૂંકમાં સોમવારથી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેને દક્ષિણાયાન તરીકે કહેવામાં આવે છે. ખગોળશાસ્ત્રીઓના મતે પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખૂણે નમેલી હોય છે.

## બેરણામાં ઝઘડાની અદાવતમાં પાઈપથી હુમલો : ૩ સામે ગુનો નોંધાયો

બાયડ તા.૧૯

હિંમતનગર તાલુકાના બેરણામાં અગાઉના ઝઘડાની અદાવતમાં ઉશ્કેરાયેલા ઈસમોએ મુકેશ વિઠ્ઠલભાઈ પટેલને ટ્રેક્ટર ઉપરથી નીચે ઉતારી માથામાં લોખંડની પાઈપ ફટકારતાં ઈજા થઈ હતી. તું અમારા સમાજના મદનસિંહ સાથે કેમ ઝઘડ્યો હતો તેમ કહી હુમલો કરનારાઓએ ફટકારતાં મામલો ગાંભોઈ પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

બેરણા ગામે તા.૧૭ના રોજ ખેડૂત મુકેશભાઈ પટેલ ટ્રેક્ટર લઈને પસાર થતા હતા જે સમયે ગામના બળવંતસિંહ ઉર્ફે બોરીયો બાબુસિંહ પરમાર અને અન્ય બે ઈસમોએ તેમને ઉભા રાખી કહેલ કે તું અમારા સમાજના મદનસિંહ સાથે કેમ બોલાચાલી કરે છે તેમ કહી અપશબ્દો બોલતાં બંન્ને પક્ષે ઉગ્ર બોલાચાલી થઈ હતી જે દરમ્યાન ઉશ્કેરાયેલા પરેશ રામી અને નરેશ ઉર્ફે વિમો બાલાજી પરમારે તેમને પકડી રાખ્યા હતા અને બળવંત પરમારે માથાના ભાગે લોખંડની પાઈપથી હુમલો કરતાં ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગે ગાંભોઈ પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.